सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| ફાઈલ તારીખ | ૩૦/૦૫/૨૦૨૨ | | |
| દાખલ તારીખ | ૩૦/૦૫/૨૦૨૨ | | |
| ફેંસલ તારીખ | ૦૨/૦૭/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૪ | ૦૧ | ૦૩ |

---

**મહેરબાન ભરૂચના ચોથા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભરૂચ**

---

**<u>ક્રિમીનલ અપીલ નં. ૨૬૦/૨૦૨૨</u>**

**આંક : – ૨૫**

**એપેલેન્ટ : –** **ચિરાગ હરીશભાઈ ચૌહાણ,**
**(મુળ આરોપી)** રહે. એ–૮૧, લક્ષ્મીનારાયણ સોસાયટી,
નારાયણનગર પાસે, શકિતનાથ, જી. ભરૂચ.

**વિરૂધ્ધ...**

**રીસ્પોન્ડન્ટ:–** (૧) **રમેશભાઈ સુરસંગ પરમાર,**
**(મુળ ફરીયાદી)** રહે. ઓફીસ–બી/૨૨, પાર્થનગર સોસાયટી,
સી.એન.જી. પંપની પાછળ, ભોલાવ,
જી. ભરૂચ.

(૨) **સરકાર શ્રી**

---

એપેલેન્ટ તરફે વિ. વ. શ્રી એસ.જી.પટેલ
રીસ્પોન્ડન્ટ નં.૧ તરફે વિ. વ. શ્રી ડી.જી.ઠાકોર

---

**<u>–:: ઠરાવ ::–</u>**

(૧) સદર કામે હાલના એપેલન્ટને વિધ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ મે. ભરૂચના ચોથા ચીફ એડી. જયુડી. મેજી. સાહેબે ફોજદારી કેસ નં.૨૧૨૦/૨૦૧૯ ના કામે તા.૦૬/૧૦/૨૦૨૧ ના રોજ

તકસીરવાન ઠરાવી સજાનો હુકમ કરેલ છે. જે હુકમથી નારાજ થઇ હાલની અપીલ દાખલ કરેલ છે. અપીલ મેમોને આ અરજીના એક ભાગે વાંચવા અરજ કરેલ છે. સદર કામે એપેલન્ટ વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ આરોપી હતા. જયારે રીસ્પોડન્ટ ટ્રાયલ કોર્ટ સમક્ષ ફરીયાદી હતા. સદર કામે સગવડતા ખાતર એપેલન્ટને આરોપી અને રીસ્પોડન્ટને ફરીયાદી તરીકે સંબોધવામાં આવેલ છે.

(૨) આરોપીના વિ.વ.શ્રીની અપીલ મેમો મુજબની રજુઆત છે. વધુમાં તેઓની મૌખીક દલીલ છે કે, આરોપી સામે મે. ભરૂચના ચોથા એડી.ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટમાં ફોજદારી કેસ નં.૨૧૨૦/૨૦૧૯ થી ધી.નેગો.ઇન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ હેઠળ તકસીરવાન ઠરાવી ક્રિ.પ્રો.કોડની ૧૯૭૩ની કલમ ૨૫૫(૨) અન્વયે ૧ વર્ષની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવેલ. વધુમાં ક્રિ.પ્રો.કોડની કલમ ૩૫૭(૩) અન્વયે ચેકની રકમ પેટે ફરીયાદીને વળતર તરીકે ચુકવી આપવા અને જો ના આપે તો વધુ ૩ માસની કેદની સજાનો હુકમ કરવામાં આવેલ. નામ. ટ્રાયલ કોર્ટનો સદર હુકમ ભુલ ભરેલો અને ગેરકાયદેસર હોય રદ થવા પાત્ર છે. ફરીયાદીએ વિ.ટ્રાયલ કોર્ટમાં આંક–૦૪ થી સરતપાસ આપેલ છે, પરંતુ ઉલટતપાસ કરવામાં આવેલ નથી કે નામ.કોર્ટ ધ્વારા ફરીયાદીની ઉલટતપાસ થાય તે માટે કાયદામાં ફરમાવેલ પ્રક્રિયા અનુસરેલ નથી. આરોપીનું કોઇ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. આરોપીને કોઇ પુરાવાની તક તેમજ દલીલની તક આપવામાં આવેલ નથી. સદર હકકો આરોપીના બંધ કરવામાં આવેલ છે. તેવા સંજોગોમાં એપેલન્ટની અરજી મંજુર કરી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિકલ્પે કેસ રીમાન્ડ કરવા અરજ કરેલ છે.

(૩) ફરીયાદીના વિ.વ.શ્રીએ મૌખીક દલીલમાં જણાવેલ છે કે, વિ.ટ્રાયલ કોર્ટે યોગ્ય રીતે ટ્રાયલ ચલાવી પુરાવાનું મુલ્યાંકન કરી આરોપીને સજા કરેલ છે. આરોપી પોતાના કસુરના કારણે હાજર રહેલ નથી.

વિ.ટ્રાયલ કોર્ટે આરોપીને યોગ્ય તક આપેલ છે, પરંતુ આરોપીની બેદરકારીના કારણે અને બદઈરાદાના કારણે તેઓ નામ.કોર્ટ સમક્ષ હાજર નહી થતાં યોગ્ય અને ન્યાયીક રીતે કાર્યવાહી કરી નામ.કોર્ટે પુરાવાનુ મુલ્યાંકન કરી આરોપીને સજા કરેલ છે તેમાં ફેરફાર થવા પાત્ર નથી. જેથી હાલની અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

(૪) પક્ષકારોના વિ.વ.શ્રીની ઉપરોકત રજુઆતો ધ્યાને લઈ સમગ્ર કેસનો રેકર્ડ વંચાણે લીધા ફરીયાદપક્ષે વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**::– મૌખિક પુરાવો –::**

| અ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદીનું સરતપાસ સ્વરૂપી સોંગદનામા પરની જુબાની | ૪ |

**::– દસ્તાવેજી પુરાવો –::**

| અ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧ | આરોપીએ ફરીયાદીને નોટરી પબ્લીક સમક્ષનુ કરી આપેલ લખાણ | ૧૧ |
| ૨ | ફરીયાદીએ આપેલ પોલીસ ફરીયાદ | ૧૨ |
| ૩ | ફરીયાદના કામે આરોપી અને ફરીયાદી વચ્ચેનુ સમાધાન | ૧૩ |
| ૪ | આરોપીએ ફરીયાદીને લખી આપેલ બાંહેધરી લેખ | ૧૪ |
| ૫ | તકરારી ચેક | ૧૫ |
| ૬ | ચેકી રીટર્ન મેમો | ૧૬ |
| ૭ | ફરીયાદીએ આરોપીને આપેલ નોટીસની સ્થળપ્રત | ૧૭ |
| ૮ | આર.પી.એડી.ની રસીદ | ૧૮ |
| ૯ | પોસ્ટખાતનો ટ્રેક રીપોર્ટ | ૧૯ |

(૫) પક્ષકારના વિ.વ.શ્રીઓની ઉપરોકત રજુઆત તેમજ વિ.ટ્રાયલ કોર્ટનું સમગ્ર કેસ રેકર્ડ વંચાણે લેતાં સદર કામમાં ન્યાય હિતમાં નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

**–:: મુદ્દા ::–**

૧. શું આરોપી પુરવાર કરે છે વિ.ટ્રાયલ કોર્ટે ફોજદારી કેસ ૨૧૨૦/૨૦૧૯ ના કામે તા.૦૬/૧૦/૨૦૨૧ ના રોજ આંક–૩૦ થી આરોપીને તકસીવાન ઠરાવતો કરેલ હુકમ કાયદા વિરૂધ્ધનો હોય તેમાં ફેરફાર થવા પાત્ર છે?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદાનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. આખરી હુકમ મુજબ

(૭) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયના કારણ નીચે મુજબ છે.

**મુદા નં.૧ અને ૨**

(૮) સદર કામે વિ.ટ્રાયલ કોર્ટના સમગ્ર કેસનો રેકર્ડ મંગાવવામાં આવેલ છે. જે વંચાણે લીધેલ. પક્ષકારના વિ.વ.શ્રીની રજુઆતો સાંભળી. સદર કામે વિ.ટ્રાયલ કોર્ટની અસલ રેકર્ડ વંચાણે લેતા જેમાં આંક–૩૦ થી વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા ફોજદારી કેસ નં. ૨૧૨૦/૨૦૧૯ માં ૦૬/૧૦/૨૦૧૯ ના રોજ આરોપીને તકસીરવાન ઠરાવી સજા અને વળતરનો હુકમ કરેલ છે. જે વંચાણે લેતા આરોપીની પ્લી આંક–૬ થી નોંધવામાં આવેલ. જેમાં આરોપી ગુનામાં કબુલાતનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવા માંગણી કરેલ. ફરીયાદપક્ષનો પુરાવો રજુ થયેલ. ફરીયાદપક્ષે ફરીયાદી રમેશ સુરસંગ પરમારની સોગંદ પર સરતપાસ આંક–૪ થી રજુ રાખેલ છે. આરોપી તથા તેમના વિ.વ.શ્રી. કોર્ટ સમક્ષ હાજર રહેલ નહી અને આરોપીને ફરીયાદીની ઉલટ તપાસ કરવા તથા આરોપીને પોતાનો બચાવ રજુ કરવા પુરતી તથા વાજબી તક આપેલી તેમ છતાં આરોપીપક્ષે ફરીયાદીની કોઇ

ઉલટ તપાસ કરેલ નથી. આમ, આરોપીને તક આપવા છતા આરોપીની તરફે ફરીયાદીની ઉલટ તપાસ ન કરવામાં આવતા આરોપીનો ફરીયાદીની ઉલટ તપાસ કરવાનો હકક બંધ આંક–૨૪ લગત કરવામાં આવેલ છે.

ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૨૭ થી વધુ પુરાવા રજુ કરવા માંગતા ન હોય તેઓએ પુરાવો પુરો થવાનુ જાહરે કરેલ. ત્યારબાદ ફરીયાદપક્ષના પુરાવા પુરા થતા આરોપીની ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૩૧૩ મુજબની જોગવાઈઓ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવા માટે કામ રાખવામાં આવેલ. પરંતુ આરોપી કોર્ટમાં હાજર રહેલ નહી તેમજ તેઓના તરફે કોઈ વિ.વ.શ્રી. પણ કોર્ટમાં હાજર રહેલ નથી. જેથી આંક–૨૮ લગત હુકમ કરી આરોપીનુ વિશેષ નિવેદન લેવાનુ સ્ટેજ બંધ કરવામાં આવેલ.

ફરીયાદપક્ષે ફરીયાદીના વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ અને આંક–૨૯ ની અરજી લગત આરોપીપક્ષની દલીલોનો હકક બંધ કરવામાં આવેલ. તેવો સ્પષ્ટ ઉલ્લેખ આંક–૩૦ ના ચુકાદામાં કરેલ છે અને રેકર્ડ જોતા પણ સદરહુ હકીકતો ફલીત થાય છે.

(૯) આમ, સદર કામે વિ.ટ્રાયલ કોર્ટના આંક–૩૦ ના ફોજદારી કેસ નં.૨૧૨૦/૨૦૧૯ ના ચુકાદાને વંચાણે લેતાં આરોપીની ગેરહાજરીમાં એકતરફી રીતે ઈન્સાફી કાર્યવાહી વિ.ટ્રાયલ કોર્ટે ચલાવેલ હોય તેવું જણાય આવે છે. જે અનુસંધાને નામદાર કર્ણાટક હાઈકોર્ટનો *2022(0)* ***AIJEL–KA*** *1047687* ***G.H Abdil Kadri V/S Mohammed Iqbal*** નો ચુકાદો જોવામાં આવે તો તેમાં પેરા નં–૧૬ માં જણાવેલ છે કે,

"Conclusion therefore is that trial cannot be held in the absence of an accused unless personal appearance is dispensed with for valid reasons and examination there of an cannot accused be dispensation under section of 313 Cr.P.C if incriminating evidence appears in the evidence of the witness. Speedy trial does not take the meaning of jumping the stages in criminal

trial. In view of this discussion, I hold that all these revision petitions deserve to be allowed for the purpose of disposal of all the cases afresh by the trial court."

(૯.૧) હાલના તબકકે. ક્રિ.પ્રો.કોડની કલમ ૨૯૯ વંચાણે લેવી જરૂરી જણાય આવે છે જે નીચે મુજબ છે. :

"Section 299 Record of evidence in absence of accused.

(1) : If it is proved that an accused person has absconded, and that there is no immediate prospect of arresting him, the court competent to try such person for the offence complained of may, in his absence, examine the witnesses (if any) produced on behalf of the prosecution, and record their depositions and any such depositions may, on the arrest of such person, be given in evidence against him on the inquiry into, or trial for, the offence with which he is charged, if the જે deponent is dead or incapable of giving evidence or cannot be found or his presence cannot be procured without an amount of delay, expense or inconvenience which, under the circumstances of the case, would be unreasonable."

(૯.૨) હાલના કામે ક્રિ.પ્રો.કોડ કલમ ૨૯૯ તથા ભા.પુ.ધારાની કલમ ૩૩ ની જોગવાઈ માટે નામ.સુપ્રીમ કોર્ટનું ***Nirmal Singh vs. State of Haryana 2000 (4) SCC 41***, ના પેરા નં.૪ વંચાણે લેવા જરૂરી જણાય આવે છે.

"4. Section 299 of the Code of Criminal Procedure consists of two parts. The first part speaks of the circumstances under which witnesses produced by the prosecution could be examined in the absence of the accused and the second part speaks of the circumstances when such deposition can be given in evidence against the accused in any inquiry or trial for the offence with which he is charged. This procedure contemplated under Section 299 of the Code of Criminal Procedure is thus an exception to the principle embodied in Section 33 of the Evidence Act inasmuch as under Section 33, the evidence of a witness, which a party has no right or opportunity to cross-examine is not legally admissible. Being an exception, it is necessary, therefore, that all the conditions prescribed, must be strictly complied with. In other words, before recording the statement of the witnesses produced by the prosecution, the court must be satisfied that the accused has absconded or that there is no immediate

prospect of arresting him, as provided under the first part of Section 299(1) of the Code of Criminal Procedure. There possibly cannot be any dispute with the proposition of law that for taking the benefits of Section 299 of the Code of Criminal Procedure, the conditions precedent therein must be duly established and the prosecution, which proposes to utilise the said statement as evidence in trial, must, therefore, prove about the existence of the preconditions before tendering the evidence. On a mere perusal of Section 299 of the Code of Criminal Procedure as well as Section 33 of the Evidence Act, we have no hesitation to come to the conclusion that the preconditions in both the sections must be established by the prosecution and it is only then, the statements of witnesses recorded under Section 299 Cr.P.C before the arrest of the accused can be utilised in evidence in trial after the arrest of such accused only if the persons are dead or would not be available or any other condition enumerated in the second part of Section 299(1) of the Code of Criminal Procedure is established."       (emphasis supplied)

**(૯.૩)** હાલના કામે નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સરકયુલેટ કરેલ જજમેન્ટ ***૨૦૨૫(૦) એ.આઇ.જે.ઇ.એલ.–એચ.સી. ૨૫૧૭૫૩ અરૂણાબેન ઉર્ફે અનીતાબેન વાઈફ ઓફ રાજેશ હરીકિશન દેવમુરારી વિરૂધ્ધ ગુજરાત રાજય*** ના ચુકાદામાં પણ સી.આર.પી.સી.ની કલમ–૮૨, ૮૩, ૨૯૯, ૩૧૩ તથા ભારતીય પુરાવા ધારાની કલમ–૧૩૭ વિગેરેની જોગાવાઈઓ અનુસંધાને આરોપીની ગેરહાજરીમાં કેસ ચલાવી આરોપીને ઉલટ તપાસની તક આપ્યા વગર અને આરોપીનુ એફ.એસ. નોંધ્યા વગર સજા કરતો હુકમ રદ બાતલ કરી વિધ્વાન ટ્રાયલ કોર્ટને કેસ ફરી ચલાવવા પરત મોકલવાનો હુકમ કરવામાં આવેલો.

ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો હાલના કેસમાં પણ આરોપીની ગેરહાજરીમાં એકતરફી રીતે ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ હોય તેવું સ્પષ્ટ પણે રેકર્ડમાં જણાય છે અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૭૩ ની જોગવાઈ જોવામાં આવે તો તેમાં જણાવેલ છે કે,

“**Evidence to be taken in presence of accused.** Except as otherwise expressly provided, all evidence taken in the course of the trial or other proceeding shall be taken in the presence of the accused, or, when his personal attendance is dispensed with, I the presence of his pleader. Explanation.-In this section,"accused"includes a person in relation to whom any proceeding under Chapter VIII has been commenced under this Code.”

(૧૦) ઉપરોકત જોગવાઇઓ તથા ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો હાલના કેસમાં પણ આરોપીની ગેરહાજરીમાં એકતરફી રીતે ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ હોય તેવું સ્પષ્ટ પણે રેકર્ડમાં જણાય છે. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૭૩ ની જોગવાઈ મુજબ આરોપીના વકીલશ્રીની હાજરીમાં ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ હોય તેવું પણ સ્પષ્ટ પણે જણાતું નથી. વિ.ટ્રાયલ કોર્ટનું રેકર્ડ જોતાં ફરીયાદીની ઉલટતપાસ કરવાનો આરોપીનો હકક બંધ કરેલ છે આરોપીનુ સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ હેઠળનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. આ હકીકત ધ્યાને લેતા અને વિ.ટ્રાયલ કોર્ટે જે આરોપી સામેની ટ્રાયલ ચલાવેલ છે તે આરોપીની ગેરહાજરીમાં એક તરફી ટ્રાયલ ચલાવેલ હોય તેવું જણાય છે. જો આરોપી હાજર ન રહેતો હોય તો આરોપી સામે બેલેબલ વોરંટ, પકડ વોરંટ ઈશ્યુ કરીને અને વોરંટનો અમલ કરાવીને પણ આરોપીની હાજરીમાં વિ.ટ્રાયલ કોર્ટ ટ્રાયલ ચલાવવી જોઈએ પરંતુ તેવી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેવું જણાતું નથી. આરોપી સામે એક તરફી ટ્રાયલ ચલાવવામાં આવેલ છે જેમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૭૩ ની જોગવાઈઓનો ભંગ થયાનું જણાય છે. ક્રિમીનલ પ્રોસીજર કોડની જોગવાઈઓને ધ્યાને લેતા

કોડ ઓફ સીવીલ પ્રોસીજરની જોગવાઈઓ મુજબ એક તરફી ટ્રાયલ કોડ ઓફ ક્રિમીનલ પ્રોસીજર મુજબ ચલાવી શકાય નહી. આ કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૮૨, ૮૩ અને ૨૯૯ નીચે પણ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેવું પણ રેકર્ડમાં જણાતું નથી. જેથી ઉપરોકત કરેલ ચર્ચા અને ઉપરોકત જોગવાઈઓ તથા ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા વિ.ટ્રાયલ કોર્ટે એક તરફી ઈન્સાફી કાર્યવાહી ચલાવેલ છે અને આરોપીને સજા કરેલ છે તે સજા અને વળતરનો હુકમ રદ થવા પાત્ર છે અને કામ રીમાન્ડ થવા પાત્ર છે અને આરોપીને ફરીયાદીની ઉલટતપાસની તક આપવા પાત્ર છે. જેથી તે રીતે વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ અયોગ્ય, કાયદા વિરૂધ્ધનો ગેરવ્યાજબી અને રદ થવા પાત્ર છે અને તે રીતે અપીલ અંશત: મંજુર થવા પાત્ર છે જેથી કામ રીમાન્ડ થવા પાત્ર હોય તે રીતે મુદા નં.૧ નો નિર્ણય  હકારમાં ઠરાવી મુદા નં.ર અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુકમ ::</u>**

(૧) આરોપી/એપેલન્ટની અપીલ અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) મે. ભરૂચના ચોથા એડી. ચીફ જયુડી. મેજી. સાહેબશ્રીના તા. ૦૬/૧૦/૨૦૨૧ ના રોજ ફોજદારી કેસ નં. ૨૧૨૦/૨૦૧૯ ના કામે ધી.નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ ના ગુનામાં તકક્ષીરવાન ઠરાવી ૧ વર્ષની સાદી કેદની સજા તથા વળતર પેટે તકરારી ચેકની રકમ ફરીયાદીને દિન ૬૦ માં ચુકવી અને આરોપી જો આ રકમ ન આપે તો વધુ ૦૩ માસની સાદી કેદની સજાનો હુકમ રદ કરવામાં આવે છે.

(૩) ફોજદારી કેસ નં. ૨૧૨૦/૨૦૧૯ રીમાંન્ડ કરી ફરીયાદીની ઉલટતપાસના તબકકે થી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) ફરીયાદી તથા આરોપીએ તથા તેમના વિ.વ.શ્રી સાથે વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ તા. ૧૨/૦૮/૨૦૨૬ ના કલાક ૧૧.૦૦ વાગે અચુક હાજર રહેવું.

(૫) એપેલેન્ટ/અરજદાર એકયુઝને ખર્ચ પેટે ડિસ્ટ્રીકટ કોર્ટ, નાઝર ખાતે રૂા. ૨૫,૦૦૦/- (અંકે પચીસ હજાર પુરા) ખર્ચ પેટે દિન-૧૫ માં જમા કરાવવા. સદર રકમ જમા થયેથી ફરીયાદી/રીસ્પોન્ડન્ટને ખર્ચ પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) રૂા. ૨૫,૦૦૦/- નાઝર ડિસ્ટ્રીકટ કોર્ટ, ભરૂચ ખાતે જમા કરાવ્યાની રિસીપ્ટ રજુ કર્યેથી ૨૦% ચેકની એમાઉન્ટ પેટે જમા કરાવેલ રૂા. ૬૦,૦૦૦/-(અંકે સાહીઠ હજાર પુરા) એપેલેન્ટ/અરજદારને આર.ટી.જી.એસ. કે એન.આઇ.એફ.ટી. મારફત યોગ્ય ખરાઇ અને વેરીફીકેશન કરી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીના જાત જામીન તથા જામીન ખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) વિ.ટ્રાયલ કોર્ટનું અસલ રેકર્ડ હાલના હુકમની ખરી નકલ સાથે પરત મોકલી આપવું.

આ હુકમ આજ **તા. ૦૨ જી, માહે : જુલાઇ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૨/૦૭/૨૦૨૬
સ્થળ : ભરૂચ

B.D.DAVE

**(વી.બી.રાજપુત)**
ચોથા એડીશનલ સેસન્સ જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ००६૯૨)**